# ગોધરાની ગોવિંદ ગુરુ યુનિ.માં ડિગ્રી સર્ટિફિકેટની તોતિંગ ફી વસુલતા રોષ

**આદિવાસી** સમાજના અગ્રણીએ કુલપતિને રજૂઆત કરી



(પ્રતિનિધિ) ગોધરા, તા.30

પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર,વડોદરા ગ્રામ્ય જેવા આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી વર્ષ 2015માં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. જોકે, આ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિત માટે શરૂ થયેલી આ યુનિવર્સિટીમાં હાલ અન્ય યુનિવર્સિટીઓ કરતા ડિગ્રી સર્ટિફિકેટ માટે અનેકગણી વધુ ફી વસૂલવામાં આવતી હોવાથી મહીસાગર જિલ્લાના આદિવાસી સમાજ અગ્રણી બાબુભાઈ ડામોર દ્વારા આ મામલે યુનિવર્સિટીના કુલપતિને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી છે.

આ રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં ફાઈનલ ડિગ્રી સર્ટિફિકેટ મેળવવા માટે અન્ડર ગ્રેજ્યુએટ કોર્સ માટે 500 રૂપિયા અને પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ માટે 1000 રૂપિયા જેટલી મોટી રકમ લેવામાં આવે છે. આ આર્થિક બોજ આદિવાસી વિદ્યાર્થીઓ માટે અસહ્ય છે, કારણ કે રાજ્યની અન્ય પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ જેવી કે ગુજરાત યુનિવર્સિટીમાં માત્ર 260 રૂપિયા, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં માત્ર 200 રૂપિયા તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીમાં 300 રૂપિયા ફી લેવામાં આવે છે. અન્ય યુનિવર્સિટીઓની સરખામણીએ ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં બે થી ત્રણ ગણી વધુ ફી લેવામાં આવતા વિદ્યાર્થીઓના વાલીઓને આર્થિક ફટકો પડી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2022 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિંઝોલ ખાતે અત્યાધુનિક વહીવટી ભવનનું ઈ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેનો હેતુ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સુવિધા આપવાનો હતો. પરંતુ આદિવાસી વિસ્તારમાં હોવા છતાં ST, SC અને OBC વિદ્યાર્થીઓ પાસેથી શા માટે વધુ ફી વસૂલવામાં આવે છે તેવા પ્રશ્નો સમાજ અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યા છે. રજૂઆત દરમિયાન હિરેન શ્રીમાળી અને સાહિલ પરમાર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ મામલે યુનિવર્સિટીના કુલપતિએ આગામી સમયમાં ફી ઘટાડવા અંગે હકારાત્મક નિર્ણય લેવાનું આશ્વાસન આપ્યું છે.

# ગોધરામાં થર્ટીફર્સ્ટની ઉજવણી પૂર્વે પોલીસનું સઘન ચેકિંગ



(પ્રતિનિધિ) ગોધરા, તા.30

પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં થર્ટીફર્સ્ટના પગલે પોલીસ તંત્ર સંપૂર્ણપણે સતર્ક બન્યું છે. નાયબ પોલીસ અધિક્ષક બિંદ્રા જાડેજાના માર્ગદર્શન હેઠળ શહેરના મુખ્ય હાઈવે અને પ્રવેશદ્વારો પર વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

ગોધરામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન નશીલા પદાર્થો અને વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે ગોધરાના દાહોદ બાયપાસ સ્થિત પરવડી ચોકડી અને પાંજરાપોળ ચર્ચ જેવા સંવેદનશીલ પોઈન્ટ્સ પર પોલીસ દ્વારા નાકાબંધી કરવામાં આવી છે. DySP બિંદ્રા જાડેજા તથા એ-ડિવિઝન પીઆઈ આર.એમ. વસૈયા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કાફલો રસ્તા પર ઉતરી તમામ નાના-મોટા વાહનોની તપાસ કરી રહ્યો છે.

પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા માત્ર શહેરમાં જ નહીં, પરંતુ જિલ્લાની વિવિધ આંતરરાજ્ય અને આંતરજિલ્લા ચેકપોસ્ટો પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ તંત્ર 24 કલાક ખડેપગે ફરજ બજાવી રહ્યું છે. ખાસ કરીને યુવાધનમાં ઉજવણીનો અનેરો થનગણાટ છે ત્યારે કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પેટ્રોલિંગમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### સંતરામપુર પીટીસી કોલેજના છાત્રોએ સુખસર CHCની મુલાકાત લીધી



**સુખસર ।** જીલ્લા શિક્ષણ તાલીમ ભવન ડાયટ પી.ટી.સી કોલેજ સંતરામપુર થી અધ્યાયક રાજેશભાઈ. કે.ભાભોર સંતરામપુર ખાતે પી.ટી.સી કોલેજના પ્રથમ વર્ષ અને દ્રિતીય વર્ષના વિદાર્થીઓને લઈને સી.એચ સી સુખસરની મુલાકાત કરાવેલ હતી.તેમા ડો.ભરતભાઈ પટેલ અને ડો.ખુશ્બુબેન હાજર રહ્યા હતા.ત્યારબાદ આઈ.સી. ટી.સી.કાઉન્સેલર નયનાબેન દરજીએ સુખસર સી.એચ. સી હોસ્પિટલમાં મળતી સારવાર અને સેવાઓની માહિતી અને સમગ્ર હોસ્પિટલ ની મુલાકાત કરાવી હતી. તેમજ એચ.આઈ.વી./એડ્સ, ટી.બી.સિફિલિશ,હિપેટાઇટિસ, સિકલસેલની વિસ્તૃત માહિતી આપી ઉપસ્થિત વિદ્યાર્થીઓને માહિતગાર કરી આઈ ઈ સી આપી હતી.

### ગરબાડાના મીનાક્યાર ગામે દાહોદ પોલીસ વડાની અધ્યક્ષતામાં રાત્રી સભા યોજાઈ



**ગરબાડા ।** દાહોદ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા દ્વારા ગરબાડા તાલુકાના સરહદી વિસ્તારના મીનાક્યાર ગામની મુલાકાત લઈ રાત્રી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડાએ ગામમાં હોડીમાં બેસી તળાવના કિનારે આવેલ બાબાદેવ મંદિર ખાતે પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ તેમણે જાદવ ફળિયામાં ગ્રામજનો સાથે સંવાદ કરી લોકોના જીવનપરિચય મેળવ્યા હતા. સાથે સાથે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા યુવક-યુવતીઓને માર્ગદર્શન આપી દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ ની ભરતી માટે નિ:શુલ્ક ચલાવવામાં આવતા તાલીમ વર્ગનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ મીનાક્યાર ગામે આવેલી આશ્રમશાળા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લઈ વ્યવસ્થાઓની જાણકારી મેળવી હતી.

### ગોધરામાં નાઈટ શેલ્ટર હોમ ખાતે સ્ટુડન્ટ આઉટરીચ પ્રોગ્રામ યોજાયો



**ગોધરા ।** શહેરી વિકાસ વર્ષ-2025ની ઉજવણીના ભાગરૂપે ગોધરા નગરપાલિકા સંચાલિત નાઈટ શેલ્ટર હોમ ખાતે સ્ટુડન્ટ આઉટરીચ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ગોધરાની સાર્વજનિક કોમર્સ કોલેજના 30થી વધુ એનએસએસના વિદ્યાર્થીઓએ શેલ્ટર હોમની રૂબરૂ મુલાકાત લઈને ત્યાંની કામગીરી અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ શેલ્ટર હોમમાં આશ્રય લઈ રહેલા નિરાધાર અને જરૂરિયાતમંદ લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓએ આશ્રિતોની પ્રાથમિક જરૂરિયાતો તેમને મળતી સુવિધાઓની ગુણવત્તા અને રહેવા-જમવાની વ્યવસ્થા અંગે વિગતવાર માહિતી મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો. આ તકે સાર્વજનિક કોમર્સ કોલેજના એન. એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો. અરુણસિંહ સોલંકી અને વિદ્યાર્થીઓએ નગરપાલિકાની આ માનવીય કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સમાજના છેવાડાના અને નિરાધાર લોકો માટે કાર્યરત નાઈટ શેલ્ટર વિશે સામાન્ય લોકોમાં જાગૃતતા લાવવી અનિવાર્ય છે.

# ફતેપુરામાં પાણીનો વેડફાટ - સ્વચ્છતાના પ્રશ્નો યથાવત, ગ્રામજનોમાં નારાજગી

**રજૂઆતો છતાં** કાર્યવાહી ન થતી હોવાનો આક્ષેપ, ઉચ્ચ અધિકારીઓના હસ્તક્ષેપની માંગ



(પ્રતિનિધિ) ફતેપુરા, તા.30

ફતેપુરા ગ્રામ પંચાયતની બેદરકારીને કારણે ગામમાં પાણીનો વેડફાટ અને સ્વચ્છતાનો અભાવ લાંબા સમયથી જોવા મળી રહ્યો હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. અનેક વખત તાલુકા કક્ષાના અધિકારીઓ અને મામલતદાર કચેરીમાં રજૂઆતો કરવા છતાં પણ કોઈ નક્કર કાર્યવાહી થતી નથી, એવી ફરિયાદો સામે આવી છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ગામમાં પાણીની લાઈનોમાંથી લીકેજ થવાથી પાણી વેડફાઈ રહ્યું છે, જ્યારે રસ્તાઓ પર કચરો પડેલો રહે છે. ગ્રામ પંચાયત દ્વારા કચરો ઉઠાવવા માટે ટ્રેક્ટર ફેરવવામાં આવે છે, પરંતુ રોડ ઉપર પડેલો કચરો હાથથી ઉઠાવી વ્યવસ્થિત રીતે નિકાલ કરવા પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી નથી. આ મુદ્દે ગ્રામસભામાં પણ રજૂઆતો કરવામાં આવી હતી, છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

કેટલાક ગ્રામજનોએ વધુમાં જણાવ્યું હતું કે સરકારી દુકાનો અને અન્ય વિભાગોને લગતી ફરિયાદો પણ સમયસર સાંભળવામાં આવતી નથી. પરિણામે, ગામની સ્વચ્છતા અને વ્યવસ્થામાં સતત બેદરકારી જોવા મળી રહી છે. ગામમાં ગંદકી, કચરો અને પાણીના વેડફાટને કારણે આરોગ્યને લગતા પ્રશ્નો ઊભા થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ગ્રામજનોનું કહેવું છે કે કેન્દ્ર અને રાજ્ય સ્તરે સ્વચ્છતા અભિયાન માટે મોટા પ્રમાણમાં નાણાં ફાળવવામાં આવે છે અને સ્વચ્છતા અંગે સતત જાગૃતિ આપવામાં આવે છે, છતાં સ્થાનિક સ્તરે તેની અસર દેખાતી નથી. આ સંદર્ભે તેઓએ ઉપરના અધિકારીઓ દ્વારા તપાસ કરી જરૂરી પગલાં લેવાય તેવી માંગ ઉઠાવી છે.

આ અંગે ગ્રામજનો દ્વારા જિલ્લા પ્રશાસનને અપીલ કરવામાં આવી છે કે ફતેપુરાની સમસ્યાઓને ગંભીરતાથી લઈ, પાણીના વેડફાટને અટકાવવા અને સ્વચ્છતાની યોગ્ય વ્યવસ્થા અમલમાં મુકવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે, જેથી ગામની સ્થિતિમાં સુધારો આવી શકે તેમ છે.

# દાહોદમાં APMCના ચેરમેન પદને ગ્રહણ

**પાલિકાએ** ચૂંટાયેલ સભ્યોનો ઠરાવ ન કરતા પ્રક્રિયા અટકી

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

દાહોદ એપીએમસીની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલને સ્પષ્ટ બહુમતી મળ્યાને બે મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, ચેરમેનની વરણી હજુ સુધી થઈ શકી નથી.

દાહોદ એપીએમસીની ગત 17 ઓક્ટોબરના રોજ યોજાયેલી ચૂંટણીમાં ખેડૂત વિભાગની 10 બેઠકોમાંથી ભાજપ પ્રેરિત પેનલે 8 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી હતી. નિયમ મુજબ પરિણામ બાદ તુરંત ચેરમેનની ચૂંટણી થવી જોઈએ, પરંતુ નગરપાલિકા દ્વારા એક ચૂંટાયેલા સભ્યને એપીએમસીમાં મોકલવાનો ઠરાવ હજુ સુધી કરવામાં આવ્યો નથી. સરકારી વિભાગ દ્વારા ત્રણ વખત પત્ર લખવા છતાં, ભાજપના જ બે જૂથો વચ્ચેની ખેંચતાણને કારણે કોઈ એક નામ પર સહમતી સધાતી નથી.

ચેરમેનની વરણીમાં થઈ રહેલા વિલંબના કારણે ખેડૂતોનું હિત જોખમાઈ રહ્યું છે. સંસ્થામાં ચેરમેન ન હોવાથી નીતિગત અને વહીવટી નિર્ણયો અટકી પડ્યા છે. બજારના વિકાસકામો, નવી સુવિધાઓની મંજૂરી, મરામતની કામગીરી અને ખેડૂતોને લગતી યોજનાઓ આગળ વધારવામાં મોટી અડચણ ઉભી થઈ છે. જો વહેલી તકે આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં નહીં આવે તો કૃષિ અર્થતંત્ર પર તેની નકારાત્મક અસર થવાની ભીતિ છે.

# વેજલપુરમાં રસ્તાના મામલે ટીડીઓ સ્થળ પર પહોંચ્યાં



(પ્રતિનિધિ) કાલોલ, તા.30

કાલોલ તાલુકાના વેજલપુર ખાતે વિવેકાનંદ સોસાયટી માં છેલ્લા બાર વર્ષથી નવો રોડ બનાવેલ નથી જેનો વિડિઓ વાયરલ થયો હતો હાલમાં આ વિસ્તારમાં કાદવ કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે અને રોગચાળો ફાટી જવાની શક્યતા વધી ગઈ છે ત્યારે જાગૃત નાગરિક ગૌતમ સેવાણી દ્વારા સ્થાનિક પંચાયત મા તેમજ જીલ્લા કલેક્ટર કચેરી અને પીજી પોર્ટલ પર રજુઆત કરી હતી .જાગૃત નાગરિક દ્વારા તાલુકા વિકાસ અધિકારીની મુલાકાત લઈ આ મામલે તપાસ કરવા પણ માંગ કરી હતી. સમગ્ર મામલે ગ્રામ પંચાયત દ્વારા જીલ્લા કલેક્ટર કચેરી ને આ સોસાયટીનો આરસીસી રોડ બનાવવા ગ્રામ સભામાં મંજૂર કરી ૧૫ મા નાણા પંચની ગ્રાન્ટ માંથી આયોજન કરી બનાવી આપવામાં આવશે તેવુ જણાવ્યું હતુ જે બાદ આજ રોજ મંગળવારે કાલોલ તાલુકાના ઈનચાર્જ ટીડીઓ શીતલ સુથાર અને તેમની ટીમ દ્વારા વિવેકાનંદ સોસાયટી ની મુલાકાત લેવામાં આવી હતી જેમાં તલાટી કમ મંત્રી સહિત ગ્રામ પંચાયતના સભ્યો હાજર રહ્યાં હતાં.

## દાહોદમાં 31મીએ રમેશભાઈ ઓઝા પધારશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

દાહોદમાં તારીખ 31મીના રોજ વિખ્યાત ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝાની દાહોદમાં પધરામણી થનાર છે.

ઝાલોદમાં પૂજ્ય રમેશભાઈ ઓઝાના મુખારવિંદથી યોજાયેલી ભાગવત કથાનો લાભ હજારો શ્રદ્ધાળુઓએ લીધો હતો. ઝાલોદથી પૂ. રમેશભાઈ ઓઝા 31મીના રોજ દાહોદ પધારનારા છે. બપોરના ત્રણ કલાકે શહેરમાં સંત કૃપા સત્સંગ પરિવાર દ્વારા ચાલતા રામરોટી કેન્દ્ર ખાતે તેઓની પધરામણી થશે. અહીંયા લગભગ એક કલાક દરમિયાન તેમના પ્રવચન દર્શન - આશીર્વાદ પ્રાપ્ત થઈ શકશે પૂજ્ય રમેશભાઈ ઓઝા ના દર્શન, આશીર્વાદ તેમજ આશીર્વચન પ્રાપ્ત કરવા શહેરીજનોને સંત કૃપા સત્સંગ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શહેરાના બસ સ્ટેશનમાં એસટી બસની અડફેટે વૃદ્ધાનું કરુણ મોત

**વ્હીલ વૃદ્ધા પર ફરી** વળતા ગંભીર ઈજાઓ અને લોહી વહી જતા મોત નિપજ્યું



(પ્રતિનિધિ) શહેરા, તા.30

પંચમહાલ જિલ્લાના શહેરા બસ સ્ટેશન ખાતે સંતરામપુર ડેપોની વડોદરા-સંતરામપુર રૂટની એસ.ટી. બસ નીચે આવી જતાં આશરે ૬૫ વર્ષીય અજાણી વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની વિગત મુજબ, એસ.ટી. બસના ડ્રાઈવર મોહનભાઈ પગી અને કંડક્ટર ડાહ્યાભાઈ પટેલ વડોદરાથી પરત ફરી રહ્યા હતા ત્યારે શહેરા બસ સ્ટેશનમાં બસને વળાંક આપી આગળ વધારતી વખતે આ વૃદ્ધા અચાનક બસના આગળના ભાગે આવી ગયા હતા. બસનું વ્હીલ વૃદ્ધા પર ફરી વળતા ગંભીર ઈજાઓ અને વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. અકસ્માતને પગલે બસ સ્ટેશનમાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. પરંતુ મહિલા મૃત હોવાનું જણાતા લાશને પોસ્ટમોર્ટમ અર્થે શહેરા સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. આ મામલે કંડક્ટર દ્વારા સંતરામપુર અને શહેરા ડેપોના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસને જાણ કરવામાં આવતા ટી.આઈ. અને ડેપો મેનેજર સહિતનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. હાલમાં મૃતક મહિલાની ઓળખ ન થઈ હોવાથી શહેરા પોલીસે કંડક્ટરની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ-ઈન્દોર રેલ પ્રોજેક્ટમાં પ્રગતિ: વીજળીકરણનું કામ શરૂ

**ડીઝલ નહીં,** હવે માત્ર ઇલેક્ટ્રિક એન્જિન દોડશે; કતવારા-ઝાબુઆ વિભાગમાં કામગીરી ગતિમાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

દાહોદ-ઈન્દોર રેલ પ્રોજેક્ટની લાંબા સમયથી રાહ જોતા લોકો માટે સારા સમાચાર છે. રેલવે તંત્ર દ્વારા ટ્રેક બિછાવવાની પ્રક્રિયા સાથે સાથે હવે **વીજળીકરણ (ઓવરહેડ ઈલેક્ટ્રિક)**નું કામ પણ શરૂ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ આ રૂટ પર ડીઝલ એન્જિન નહીં પરંતુ ઈલેક્ટ્રિક એન્જિન દ્વારા ટ્રેનો ચલાવવામાં આવશે.

હાલમાં દાહોદ-કતવારા-ઝાબુઆ સ્ટેશનો પર ઓવરહેડ ઈલેક્ટ્રિક થાંભલા લગાવવાની કામગીરી ચાલી રહી છે. કતવારા અને ઝાબુઆ વચ્ચે વીજળીકરણ શરૂ થઈ ગયું છે. નોંધનીય છે કે 2008માં રેલ લાઈનનો શિલાન્યાસ થયો ત્યારે વીજળીકરણનો સમાવેશ નહોતો. 2019માં છોટા ઉદેપુરથી અલીરાજપુર સુધી પહેલી ટ્રેન ડીઝલ એન્જિનથી આવી હતી, પરંતુ હવે રેલવે દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે ઝાબુઆ પહોંચનાર પ્રથમ ટ્રેન ઈલેક્ટ્રિક એન્જિનથી આવશે.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, કતવારા-ઝાબુઆ વિભાગમાં નાના-મોટા પુલો અને કલ્વર્ટનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. જ્યાં જ્યાં રેલ્વે લાઈન રસ્તાઓને પાર કરે છે ત્યાં અંડરપાસ અને ઓવરબ્રિજનું નિર્માણ ચાલુ છે. ઝાબુઆ નજીક કુંડલા રોડ સહિત ત્રણ અંડરપાસ અંતિમ તબક્કામાં છે, જેથી ભવિષ્યમાં સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં મુશ્કેલી ન પડે. ટેન્ડર પ્રક્રિયા મુજબ કતવારા-ઝાબુઆ સુધી વીજળીકરણનું કામ ચાલુ છે, જ્યારે ઝાબુઆથી આગળ ધાર જિલ્લાની સરહદ સુધી વીજળીકરણ માટે ટ્રેક બિછાવવાના તબક્કા પછી કામ શરૂ થશે. હાલનું મુખ્ય ધ્યાન દાહોદથી ઝાબુઆ સુધીનો વિભાગ પૂર્ણ કરવાનો છે. દાહોદથી કતવારા સુધીનું બાંધકામ પૂરું થઈ ગયું છે, આગળના વિભાગમાં મોટા પુલો અને ગર્ડર મૂકવાની કામગીરી ચાલી રહી છે. બીજી બાજુ, ઈન્દોરથી કતવારા સુધીનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે અને તેને ધાર જિલ્લાની સરહદ સુધી વહેલી તકે પૂર્ણ કરવાની યોજના છે.

## મહીસાગર જિલ્લામાં મીડિયાકર્મી માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ) લુણાવાડા, તા.30

મહીસાગર જિલ્લામાં મીડિયાકર્મીઓ માટે વિશેષ હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા ખાતે આયોજિત આ કેમ્પમાં મોટી સંખ્યામાં પત્રકારોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી હતી.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને માહિતી કચેરીનો સંયુક્ત પ્રયાસ આ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને જિલ્લા માહિતી કચેરી, મહીસાગરના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. પત્રકારોની વ્યસ્ત જીવનશૈલી અને સતત દોડધામ વચ્ચે તેમના સ્વાસ્થ્યની કાળજી લેવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ સરાહનીય અભિગમ અપનાવવામાં આવ્યો છે.

# ખંગેલા ચેકપોસ્ટ પર પોલીસની બાજ નજર

**ઇન્દોર અમદાવાદ** નેશનલ હાઈવે વિદેશી દારૂની હેરફેર માટે સિલ્ક રૂટ

(પ્રતિનિધિ) દાહોદ, તા.30

દાહોદ જિલ્લામાં ૩૧ મી ડિસેમ્બરને અનુલક્ષીને પોલીસે રાજસ્થાન અને મધ્યપ્રદેશને જોડતી તમામ ચેકપોસ્ટ ઉપર વાહન ચેકિંગ સઘન બનાવી દેવામાં આવ્યું છે. ૩૧ ડિસેમ્બર ન્યૂપરની પાર્ટી દરમિયાન વિદેશી દારૂ તેમજ માદક પદાર્થોનો સેવન ન થાય તેમ જ ગુજરાત નશા મુક્ત રહે તે માટે દાહોદ પોલીસ દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. દાહોદની જોડતી તમામ રાજસ્થાન અને મધ્ય પ્રદેશની ચેકપોસ્ટ ઉપર આવતા જતા તમામ વાહનોની ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સાથે જ દારૂ પીને વાહન હંકાર નાર લોકો અકરમાત નોતરે છે. જેના પગલે નિર્દોષ લોકોના જીવ જાય છે. એટલે ડ્રંક એન્ડ ડ્રાઈવ ના કેસો ન બને તે માટે ચેકપોસ્ટ ઉપરથી પસાર થતા વાહન ચાલકોનું શ્રેય એનેલાઈઝર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને મધ્યપ્રદેશ અને ગુજરાતને જોડતી ખગેલા ચેકપોસ્ટ તેમજ રાજસ્થાનની જોડતી પાવડીયા ચેકપોસ્ટ ઉપર પોલીસની બાજ નજર છે કારણકે આ બંને બોર્ડર ઉપરથી ભૂતકાળમાં મોટી સંખ્યામાં વિદેશી દારૂ તેમજ માદક પદાર્થોની ખેપો પોલીસે ઝડપી છે. આ સિવાય ચાલુ મહિનામાં જ આ બંને ચેકપોસ્ટ ઉપરથી બાર કરોડ ઉપરાંતની વિદેશી દારૂ ઝડપી પાડયો છે.